Coverage Report: TCS IT Wiz – Ahmedabad Edition

**Publication:** Satellite Samachar
**Date:** 07/08/2014
**Edition:** Ahmedabad
**Page No:** 3
**Headline:** DPS Bopal wins 2014 TCS IT WIZ Ahmedabad edition

# ટીસીએસ આઈટી વિઝ, ૨૦૧૪ની અમદાવાદ એડીશન માં અમદાવાદ ની ડિપીએસ બોપલ સ્કૂલ વિજેતા બની

અમદાવાદ તા. ૫, ઓગસ્ટ,૨૦૧૪: અગ્રણી આઈટી સર્વિસીસ , કન્સલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન્સ કંપની ટીસીએસ દ્વારા ટાગોર હોલ પાલડી ખાતે આયોજીત ભારતની સૌથી મોટી ઈન્ટર સ્કૂલ આઈટી વિઝમાં અમદાવાદની વિવિધ શાળાઓના ૯૦૬ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગલીધો હતો.

પ્રાદેશિક ફાયનલ પછી ડિપીએસ બોપલ, અમદાવાદ શાળાના અંશુલ રોય અને અભય વેંકટેશ વિજેતા બન્યા હતા. જ્યારે રનર્સ અપ તરીકે આનંદ વિદ્યા વિહાર, વડોદરા શાળાના તન્વી ઐયર અને વિધી શાહ નો સમાવેશ થતો હતો. વિજેતાઓને ટીસીએસ તરફથી સ્પેસ પેક, સીપર્સ, ઈયરફોન્સ, યુએસબી પેનડ્રાઈવ, સ્પીકર્સ તથા અન્ય ઈનામો પ્રાપ્ત થયાં હતાં.

વિજેતાઓને ગુજરાતના મા. શિક્ષણ પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિહં ચૂડાસમા તથા ટીસીએસ -ગુજરાતના વીપી અને સેન્ટર હેડ શ્રી હસિત કાજીના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું.

ઈન્ટેલીજન્ટ અને રસપ્રદ સવાલોના સમાવેશ તથા સોફટવેરઆધારિત રાઉન્ડઝ, ગેમીફીકેશન અને એનિમેશન જેવા નવતર ટેકનોલોજી ધરાવતા અભિગમ દ્વારા દ્વારા ટીસીએસ આઈટી વિઝ દ્વારા ક્વિઝીંગની દુનિયામાં અનોખુ પરિવર્તન હાંસલ કરી શકાયું છે. આ વરસે આ પ્લેટફોર્મ ઉપરથી દુનિયાંભરમાં બહુચર્ચિત બનેલા ટેકનોલોજીકલ પ્રવાહોને




આવરી લેવાયા હતા. આ ક્વિઝનો હિસ્સો બનનાર વિદ્યાર્થીઓ આ ટેકનોલોજીસને સમજીને તથા તેનો લાભ લઈને પોતાના બહેતર ભાવિનુ નિર્માણ કરી શકશે. ધોરણ-૮ થી ૧૨ માં ભણતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ (પ્રિ-યુનિવર્સિટી જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ સહિત) એમાં સામેલ થયા હતા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી .